ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત

# સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ

સમર્પણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ, ખ-૭ સર્કલ પાસે,
સેક્ટર-૨૮, ગાંધીનગર - ૩૮૨૦૨૮.
મોબાઈલ નં. : ૭૪૩૬૦ ૬૯૯૯૬
**Email :** samarpancollege@yahoo.com | **Website :** www.samarpancollege.org

સમર્પણ કૉલેજ, ગાંધીનગર ખાતે તા.૧૭/૦૯/૨૦૨૨ શનિવારે :

૧. ફ્રી મેડિકલ ચેકઅપ
૨. ફ્રી થેલેસેમિયા ટેસ્ટ
3. રક્તદાન કેમ્પ
૪. ગાયનેકોલોજિસ્ટ વ્યાખ્યાન
૫. અંગદાન જાગૃતિ અભિયાન

વગેરે સ્વાસ્થ્ય અને સેવા વિષયક વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.
સહભાગી સૌને વંદન અને અભિનંદન ...
ઉપસ્થિત ડોક્ટર્સ અને આરોગ્યકર્મીઓના સન્માન તથા અંગદાન અંગે પ્રતિજ્ઞાની તસવીરી ઝલક:



ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત
સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ
સમર્પણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ, ખ-૭ સર્કલ પાસે,
સેક્ટર-૨૮, ગાંધીનગર - ૩૮૨૦૨૮.
મોબાઈલ નં. : ૭૪૩૬૦ ૬૯૯૯૬
Email : samarpancollege@yahoo.com | Website : www.samarpancollege.org

**સમર્પણ કોલેજ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ, મેડિકલ ચેકઅપ કેમ્પ, થેલેસેમિયા ટેસ્ટ, ગાયનેકોલોજિસ્ટ વ્યાખ્યાન અને અંગદાન જાગૃતિ અભિયાન**

ગાંધીનગરની સુપ્રતિષ્ઠિત સંસ્થા સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ શનિવારે, નેશનલ રેડક્રોસ સોસાયટી(ગાંધીનગર શાખા), યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ અને સમર્પણ એલ્યુમની એસોસીએશનના સહયોગથી, બ્લડ ડોનેશન કેમ્પ, મેડિકલ ચેકઅપ કેમ્પ, થેલેસેમિયા ટેસ્ટ, ગાયનેકોલોજિસ્ટ વ્યાખ્યાન અને અંગદાન જાગૃતિ અભિયાન જેવી સ્વાસ્થ્ય વિષયક અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય પ્રવૃત્તિમાં નેશનલ રેડક્રોસ સોસાયટી ગાંધીનગર શાખાના ચેરમેન શ્રી જીલુભા ધાંધલ તેમ જ ગાંધીનગરના કોર્પોરેટર શ્રી હર્ષાબા ધાંધલ અને તેઓની ટીમ, યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. હાર્દિકભાઈ તલાટી અને તેઓની ટીમ તેમ જ અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના સેવક અને સરકારી અધિકારી શ્રી જયેશભાઈ બેલાની અને તેઓની ટીમ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. સાથે સાથે ગાયનેકોલોજિસ્ટ ડૉ. ડી.પી.રતાનીમેડમે વિદ્યાર્થીનીઓ સાથે સંવાદ કર્યો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને રક્તદાનનું મહત્વ, થેલેસેમિયા ટેસ્ટનું મહત્વ તેમ જ મેડિકલ ચેકઅપનું મહત્વ સમજાવવાનો હતો.. ઉદ્ઘાટન કાર્યક્રમમાં અંગદાન એટલે શું? તેનું પણ વિશેષ મહત્વ બતાવતા સૌ કોઈને અંગદાન કરવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. સાથે સાથે દીકરીઓને લગતા પ્રશ્નો જેમકે ઉંમરની સાથે થતા શારીરિક ફેરફારોને લગતા પ્રશ્નો-મૂંઝવણો વગેરેને ધ્યાનમાં લઈને દીકરીઓ માટેનું અલગ જ ગાયનોકોલોજિસ્ટનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બી.જે.મેડિકલ કોલેજનો સ્ટાફ - ડોક્ટર્સગણ પણ ઉપસ્થિત રહ્યા હતાં. સમર્પણ એક્સ્ટેન્શન સમિતિ અને સમર્પણ CWDC દ્વારા આયોજિત આ વિશેષ સેવાકીય પ્રવૃત્તિમાં ૩૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર ઉપક્રમનું આયોજન ડૉ. નિતેન્દ્રભાઈ પટેલ અને ડૉ. રમીલાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં સૌ અધ્યાપક મિત્રો અને NSS સ્વયંસેવકોએ સેવા આપી હતી.

ભવદીય,



